## કડીના મહે.એડીશનલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.કડી

**રે.દિ.મુ.નંબર : ૧૧૨/૨૦૧૯**

**વાદી : અંબાલાલ નારણદાસ પટેલ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી : પટેલ અંબાલાલ નાથાલાલના વારસો વિગેરે ૭**

## બાબત : વચગાળાના તબકકે મનાઈ હુકમ મેળવવાની વાદીની આંક : ૫ વાળી અરજી લગત હુકમ...

.........................................................................................

| | |
|---|---|
| Ld. ADVOCATE FOR THE PLAINTIFFS | : Mr.A.H.MALEK |
| Ld. ADVOCATE FOR THE DEFENDANT NO.1/1,1/2 | : Mr. V.C.PATEL |
| Ld. ADVOCATE FOR THE DEFENDANT NO. 2 | : Mr. M.G.VAGHELA |
| Ld. ADVOCATE FOR THE DEFENDANT NO.4,5 | : Mr. N.V.JOSHI |

.........................................................................................

## :: હુ ક મ ::

(૧) **હાલની અરજી,** કેસ રેકર્ડ, રજુ દસ્તાવેજો, સંબધિત કાયદાકીય જોગવાઈ ઘ્યાને લીધી. અરજી સંબધે પક્ષકારોના વકીલશ્રીને સાંભળ્યા. રેકર્ડ ઘ્યાને લેતા હાલનો દાવો મોજે અગોલ તા.કડી જી.મહેસાણાની સીમના જુના સર્વે નંબર : ૧૧૦૯/૧ હે.આરે.૦–૧૬–૧૯, સર્વે નંબર : ૧૦૯૪/૨ હે.આરે.૦–૦૭–૦૮ ચો.મી. તથા સર્વે નંબર ૧૦૬૪/૨ હે.આરે.૦–૩૨–૩૭ વાળી ખેતીની જમીનો વાદીની વડીલોપાર્જીત વારસાઈ હકકથી વહેચણી આધારે વાદીના ખાતે આવેલી છે જે જમીન પૈકી સર્વે નંબર ૧૦૬૪/૨ હે.આરે.૦–૩૨–૩૭ વાળી ખેતીની જમીન સબબ થયેલ વેચાણ

દસ્તાવેજને હાલના દાવો કરી પડકારેલ હોય સદર જમીનને હવે પછી સરળતા ખાતર **દાવાવાળી જમીન** તરીકે સંબોધવામાં આવેલ છે જયારે સદર જમીન સબબ તા.૦૬/૧૧/૧૯૯૫ના રોજ પ્રતિવાદી નંબર : ૧ના કુ.મુ. દરજજે પ્રતિવાદી નં.૨નાએ પ્રતિવાદી નં.૩ની તરફેણમાં કરેલ રજી.વેચાણ દસ્તાવેજ તથા પ્રતિવાદી નં.૩નાએ પ્રતિવાદી નં.૪ થી ૭ ની તરફેણમાં તા.૧૦/૦૩/૨૦૦૬ના રોજ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ રદબાતલ કરવાની દાદ માંગેલ હોય હવે પછી આ દસ્તાવેજોને **વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજ** તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) હાલના દાવાની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના વાદીને મોજે અગોલ ખાતે દાવાવાળી જમીન સહીતની વારસાઈની વહેચણીથી નોંધ નંબર : ૩૩૩૬/૪થી વાદીના ખાતે આવેલી જે જમીનના સને ૨૦૧૧માં રેવન્યુ રેકર્ડ કઢાવતા દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૪ થી ૭ના ખાતે થઈ ગયેલાની જાણ થયેલી જે બાદ રેકર્ડની તપાસ કરતા આ કામના પ્રતિવાદી નં.૧ કે જે વાદીના જેવા નામથી ચાલતા નામનો લાભ લઈ પ્રતિવાદી નં.૧ના નામનો ૭/૧૨ બનાવી તેમના કુ.મુ. પ્રતિવાદી નં.૨એ પ્રતિવાદી નં.૩નાને દાવાવાળી જમીન વેચાણ કરી દીધેલાની અને અનુક્રમે પ્રતિવાદી નં.૩નાએ પ્રતિવાદી નં.૪ થી ૭નાઓને દાવાવાળી જમીન વેચાણ કરી દીધેલાની હકિકતની જાણ થયેલ અને તે બાદ રેવન્યુ રાહે લીટીગેશન કરેલ અને વકીલશ્રી મારફત લીગલ નોટીસ પણ આપેલ તેમ છતા પ્રતિવાદીઓએ દાવાવાળી જમીન સબબ સુધારા કરાવેલ નથી અને તેથી વાદીએ પો.સ્ટે.માં પ્રતિવાદી નં.૪ થી ૭ વિરૂધ્ધ કેસ દાખલ કરેલ તે બાદ વાદીને કીડનીની બીમારી થયેલ હોય તબીયત બગડતા સારવારમાં સમય પસાર થયેલ પરંતુ છેલ્લા ૧૦ દિવસ અગાઉ સંબંધી મારફત

પ્રતિવાદીઓને દાવાવાળી જમીન સબબ સુધારા દસ્તાવેજ કરાવી પ્રતિવાદીની તરફેણમાં કરાવેલ દસ્તાવેજ રદ કરવા જણાવતા આ કામના પ્રતિવાદીઓએ તેમ કરવાની ના પાડેલ અને જમીન વેચાણ કરાવી દેવાની ધમકી આપેલ તથા કબજો પડાવી લેવાની ધમકી આપેલ તેથી વાદી ધ્વારા પ્રતિવાદીઓની તરફેણમાં થયેલ વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા સારુ હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે તથા દાવો ચાલતા સમય જાય તેમ હોય વચગાળાના તબકકે વાદી તરફે દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ : ૩૯ નિયમ : (૧)(૨) અન્વયે હાલની અરજી દાખલ કરી દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીઓ કોઈને વેચાણ ગીરો બક્ષીસ કરે–કરાવે નહી કે અન્ય કોઈના હકક, અધિકારો ઉત્પન્ન થાય તેવુ કુત્ય કરે–કરાવે નહી કે રેવન્યુ રેકર્ડે કોઈ ફેરફાર કરે–કરાવે નહી તેમજ વાદીના કબજા–ભોગવટામાં અંતરાય અવરોધ કરે–કરાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરૂઘ્ધ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે. આ કામે વાદી તરફે પોતાની દાવાના સમર્થનમાં આંક : ૩ વાળા લીસ્ટથી નિશાની ૩/૧ થી ૩/૧૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(૩) આ કામે દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીઓને દાવા સમન્સ/નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે પૈકી પ્રતિવાદી નં.૬અને ૭ સિવાયના પ્રતિવાદીઓને બજવણી થતા પોતાના કાયદાથી માહિતગાર વકીલશ્રી મારફત હાજર થઈ પ્રતિવાદી નં.૧ ઘવારા આંક : થી જયારે પ્રતિવાદી નં.ર ધ્વારા આંક : ........ થી તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ધ્વારા આંક : ......... થી દાવા–મનાઈ જવાબ રજુ રાખેલ અને દાવાની હકિકત ખોટી હોય, દાવો સમય મર્યાદા બહાર હોય દાવો તથા મનાઈ અરજી રદ કરવા રજુઆત કરેલી.

જયારે પ્રતિવાદી નં.૬ અને ૭ને દાવા સમન્સની બજવણીની નીષ્ફળતા ધ્યાને લેતા પ્રતિવાદી નં.૬ અને ૭ સામેનો દાવો ડીસમીસ કરવામાં આવેલ છે.

(૪) દલીલના તબકકે વાદી તરફે અરજીની હકિકતે દલીલ કરી રજુ દસ્તાવેજી પુરાવા પર આધાર રાખી પોતાનો પ્રાઈમાફેસી કેસ હોય તથા જો મનાઈ હુકમ આપવામાં ન આવે અને પ્રતિવાદીઓ વાદીનો કબજો પડાવી લે અગરતો ટાઈટલ તબદીલ કરી દે તો વાદીને અન્ય દાવાદુવીઓમાં ઉતરવુ પડે અને તેથી થનાર નુકશાન નાણાથી પણ વળી શકે નહી અને તેથી સગવડ અગવડની સમતુલાનું ધોરણ પણ વાદીની તરફેણમાં હોય, માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે. જયારે પ્રતિવાદીઓ તરફે પોતાના દાવા જવાબની હકિકતે દલીલ કરી વાદીનો દાવો સમય મર્યાદા બહાર હોય, વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ હોય તથા વાદી ખોટી અને ઉભી કરેલ હકિકત આધારે હાલનો દાવો લાવી વર્ષ–૨૦૦૬વાળા દસ્તાવેજથી આવેલ પ્રતિવાદી નં.૪ થી ૭ના ટાઈટલ અને કબજા વિરૂધ્ધની દાદ મેળવવા માંગતા હોય, વાદીનો કોઈ પ્રાઈમાફેસ કેસ ન હોય તેમજ સગવડ અગવડની સમતુલાનું ધોરણ પ્રતિવાદીઓની તરફેણમાં હોય તથા મનાઈ હુકમના ઓઠા હેઠળ વાદી આ કામના પ્રતિવાદીનો કબજો પડાવી લે તો પ્રતિવાદીને નાણાથી પણ ભરપાઈ ન થાય તેવુ નુકશાન જાય તેમ હોય તેથી વાદી વચગાળાના તબકકે માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર નથી.

(૫) **ઉપરોકત સમગ્ર હકિકત ધ્યાને લીધી. સમગ્ર હકિકતે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપમાં ન આવે તો નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**(૭) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા કારણો નીચે મુજબ છે :–**

**–: *<u>મુદ્દા નંબર : ૧, ૨ તથા ૩</u>* :–**

સદર કામે મુદ્દાઓ નં. ૧ થી ૩નાઓ હકીકતોની દૃષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુરાવર્તન ટાળવા સારૂ ત્રણેયની ચર્ચા અહીં એકસાથે કરવામાં આવેલ છે.

1. સૌપ્રથમ વાદીએ હાલની અરજી વચગાળાના મનાઈ હુકમ મેળવવા સારુ દાખલ કરેલ હોય કેસની હકિકતને સંબધિત મનાઈ હુકમ સંબધે નામદાર સર્વોચ્ચ તથા વડી અદાલતોએ ઠરાવેલ સિંધ્ધાત ઘ્યાને લેવામાં આવે તો, Temporary means during pendancy of suit. It does not conclude the rights and liabilities of the parties finally. and it is well settled principle that interim relief can always be granted in

the aid of and as ancillary to the main relief available to the party on final determination of his rights in a suit. The primary object of granting interim relief is the preservation of property in dispute till legal rights and conflicting claims of the parties before the court are adjudicated. Further it would not be appropriate for any court to hold a mini-trial at the stage of grant of temporary injunction but only prima facie case is to be looked into.

**In Subramania Nayanar Vs. S. Vengy Iyer (( 1908) 18 MLJ 302) it is held that** where there is no allegation of waste, damage or alienation, the prayer for interim injunction should be rejected.

2. અરજીની હકિકતને દાવાઅરજી, માંગેલ દાદ તથા રજુ દસ્તાવેજો સાથે ધ્યાને લેતા દાવાવાળી જમીન સબબ પ્રથમ વેચાણ દસ્તાવેજ વર્ષ–૧૯૯૬માં અને તે બાદ બીજો વેચાણ દસ્તાવેજ વર્ષ–૨૦૦૬માં થયેલ છે અને તે બંને વેચાણ દસ્તાવેજો રજીસ્ટર્ડ છે અને તેની ધોરણસરની રેવન્યુ રેકર્ડે નોંધ પણ પડેલ. પ્રતિવાદીની મુખ્ય તકરાર છે કે વાદીનો દાવો સમય મર્યાદા બાદ દાખલ થયેલ હોય, વાદીનો દાવો રદ થવાપાત્ર છે અને તેથી વાદી વચગાળાના તબકકે માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર ઠરી શકે નહી. આ તબકકે દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો વાદીને વાદગ્રસ્ત હકિકતની જાણ વર્ષ–૨૦૧૧માં થયેલાનું ફલિત થાય છે. વાદી ધ્વારા દસ્તાવેજ રદબાતલ ઠરાવવાની દાદ સહ

દાવો લાવેલ હોય ત્યારે સમય મર્યાદા દસ્તાવેથ થયા તારીખથી અગરતો દસ્તાવેજની જાણ થયા તારીખથી ગણાય. આમ વાદી ધ્વારા હાલનો દાવો વર્ષ–૨૦૧૪માં લાવવાનો રહે પરંતુ વાદી ધ્વારા હાલનો દાવો વર્ષ–૨૦૧૯માં લાવેલ છે જે સ્વાભાવિક રીતે જ સમય મર્યાદા બહાર ગણાય. વાદી ધ્વારા બીમારીના કારણસર જે તે સમયે દાવો દાખલ કરી શકેલ ન હોવાની રજુઆત કરેલ છે પરંતુ વાદી ધ્વારા પોતાની રજુઆતના સમર્થનમાં જે દસ્તાવેજી આધાર રજુ રાખેલ છે તે વર્ષ–૨૦૧૯ના જણાય છે અને તે સંજોગોમાં વાદી તરફે રજુઆતને વાદી તરફે રજુ દસ્તાવેજી આધાર પુરાવાથી સમર્થનપ્રાંપ્ત થતુ ન હોય, પ્રતિવાદીની રજુઆત કે વાદીનો દાવો સમયમર્યાદા બહાર હોવાની રજુઆત હાલના તબકકે માનવાપાત્ર જણાય છે. વાદી ધ્વારા હાલની અરજી વચગાળાના તબકકે મનાઈ હુકમની દાદ સહ લાવેલ છે જે ઈકવીટીની દાદ ગણાય. ઉપરોકત હકિકતે જયારે વાદીનો દાવો વિલંબીત હોય ત્યારે પ્રસ્થાપિત સિધ્ધાંત **Delay defeats Equity** ધ્યાને લેવાપાત્ર જણાય છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતોએ અસંખ્ય ચુકાદાઓથી આ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે અને ઠરાવેલ છે કે જયારે કોઈ પક્ષકાર પોતાના હકક સારુ જાગરુક રહી તાત્કાલીક અદાલત સમક્ષ આવે નહી ત્યારે તેવા કિસ્સામાં તે વ્યકિત ઈકવીટીની વિવેકાધીન દાદ મેળવવા હકકદાર ઠરી શકે નહી. આમ ઉપરોકત તમામ હકિકતે વાદીનો દાવો વિલંબીત હોય વાદી વચગાળાના તબકકે માંગેલ ઈકવીટીની દાદ મેળવવા હકકદાર જણાતા નથી.

3. આ કામે વાદી ધ્વારા હાલની અરજી દાખલ કરી વચગાળાના તબકકે કબજાના રક્ષણની દાદ માંગેલ છે. દાવા અરજી ધ્યાને લેતા વાદી લાંબા સમયથી દાવાવાળી જમીન પર ગયેલ નથી. આ કામે પ્રતિવાદીની રજુઆત છે કે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી દાવાવાળી જમીનના માલિક બનેલ છે અને માલિકી હકકે વાદગ્રસ્ત જગ્યાનો કબજો ભોગવટો ધરાવતા આવેલ છે. આ કામે વાદી ધ્વારા દાવાવાળી જમીનનો વાસ્તવીક કબજો વાદીનો હોવાની હકિકત દર્શાવવા કોઈ જ દસ્તાવેજી આધાર, ત્રાહિતોના સોગંદનામા રજુ રાખેલ નથી. તે જ રીતે વાદી ધ્વારા દાવાવાળી જમીનની સ્થળસ્થિતિ દર્શાવવા સારુ કોઈ પંચનામુ પણ કરાવેલ નથી તે સંજોગોમાં દાવાવાળી જમીનની વાસ્તવિક સ્થળ સ્થિતિ અત્ર ેની અદાલતના રેકર્ડે આવેલ નથી. આમ જયારે વાદી દાવાવાળી જમીનનો પોતાનો કબજો પ્રાઈમાફેસી સાબિત કરી શકેલ ન હોય, કબજાની સ્પષ્ટ સ્થિતિની ગેરહાજરીમાં મનાઈ હુકમ ફરમાવવાથી મનાઈ હુકમનો દુરુપયોગ થવાનો સંભવ રહેલ છે તે સંજોગોમાં પણ વાદીની તરફેણમાં કબજાનો મનાઈ હુકમ ફરમાવવાપાત્ર જણાતો નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતોએ ઠરાવેલ છે કે, જયાં સુધી કોઈ પક્ષકારની કબજા–ભોગવટાની સ્પષ્ટ સ્થિતિ રેકર્ડે આવે નહી ત્યાં સુધી કબજા બાબત મનાઈ હુકમ અગરતો યથાવત સ્થિતિ જાળવવાનો હુકમ થઈ શકે નહી. આ તબકકે નામદાર વડી અદાલતે ગોવિંદભાઈ કેશવલાલ ઠકકર વિરૂધ્ધ સમસ્ત લુહાણા જ્ઞાતિ ટ્રસ્ટ અને બીજા (૨૦૦૧(૩) જી.એલ.આર. ૨૭૪૦) ના કેસમાં નામદાર વડી અદાલતે ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવો રહે જેમાં Held, under the guise of the interim injunction, the plaintiffs

cannot be dispossess the defendant in this manner . This type of short circuit method cannot be resorted to . By asking prohibitory type of injunction they can dispossess the defendant if such type of injunction is granted . The Court of law is required to see that by granting such type of injunction it will result into evicting the other side. આમ આ સંજોગોમાં જયારે રેકર્ડ વાદીની તરફેણમાં કબજાની સ્થિતિ સ્પષ્ટ ન હોય, જો દાવાવાળી જમીનના કબજાની સ્પષ્ટ સ્થિતિના અભાવે જો મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો, પક્ષકાર ધ્વારા મનાઈ હુકમના ઓઠા હેઠળ કબજામાં પ્રવેશી જાય અગરતો કબજો પડાવી લે તેવી પરીસ્થિતિનું નિર્માણ થાય તેવી સંભાવના રહેલ હોય તો તેવા સંજોગોમાં મનાઈ હુકમ આપી શકાય નહી તેમ અત્રેની અદાલતનું માનવુ છે અને તે સંજોગોમાં પણ વાદી મનાઈ હુકમની દાદ મેળવવા હકકદાર જણાતા નથી. વધુમાં વાદી ધ્વારા તબદીલી સબબ વચગાળાના મનાઈ હુકમની દાદ માંગેલ છે પરંતુ દાવા અરજી ધ્યાને લેતા પ્રતિવાદી નં. ૪ થી ૭ વર્ષ ૨૦૦૬થી ટાઈટલ ધરાવે છે. વાદી ધ્વારા દાવાના કામે એવી કોઈ હકિકત રજુ રાખેલ નથી કે પ્રતિવાદી નં. ૪ થી ૭ દાવાવાળી જમીન ડીસ્પોઝ કે તબદીલ કરવા તજવીજ કરી રહેલા છે. વાદી ધ્વારા દાવાના કામે જે દહેશત બતાવેલ છે તે દહેશત વર્ષ–૨૦૧૧થી વાદી ને જાણ થઈ ત્યારથી હોવાનું માનવાને કારણ જણાય છે તે સંજોગોમાં હાલના તબકકે તાત્કાલીક સ્વરૂપના સંજોગોની ગેરહાજરીમાં વાદીની વચગાળાની દાદ આપવા સબબ જરૂરી દહેશત ઉપસ્થિત થયેલ હોવાનું જણાતુ નથી. આ તબકકે **Devabhaktuni Butchamma Vs.**

**Devabhaktuni Punnamma, (AIR 1925 MAD 896)** ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો it is held that Mere allegation of waste, damage, etc. is not enough. There must be actual or at least reasonable apprehension on the part of the applicant about such danger or waste or damage. આમ વાદી ધ્વારા તબદીલી સબબ જે આક્ષેપ કરેલ છે તે મનાઈ હુકમ ફરમાવવા પૂરતી જણાતી ન હોય, વાદી માંગ્યા મુજબનો મનાઈ હુકમની દાદ મેળવવા હકકદાર જણાતા નથી.

4. આ કામે આ કામે વાદી ની રજુઆત છે કે, જો મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ હોય, માંગ્યા મુજબ મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે. આ તબકકે **જી.ઈ.બી. વિરૂધ્ધ મહેશકુમાર એન્ડ કં. (રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૧૯૮૨ ગુજરાત ૨૮૯)** ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો ઠરાવેલ છે કે, માત્ર મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ છે તે મહત્વની બાબત ગણી શકાય નહી વચગાળાના તબકકે મનાઈ હુકમ નિર્ણિત કરતા સમયે બીજા મહત્વના પાસાઓને પણ વીચારણામાં લેવા જોઈએ. આમ માત્ર મનાઈ હુકમની ગેરહાજરીના કારણસર મલ્ટી પ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થવાની દહેશતની દલીલના કારણસર વાદીની તરફેણમાં અને પ્રતિવાદી વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવી શકાય નહી.

5. આમ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનો દાવો વિલંબીત હોય, વિલંબના કારણસર વાદી ઈકવીટીની દાદ મેળવવા હકકદાર જણાતા ન હોય, વાદી ની તરફેણમાં વાગચળાના તબકકે મનાઈ હુકમ ફરમાવવા વ્યાજબી દહેશતની

ગેરહાજરી હોય, તે સંજોગોમાં હાલના તબકકે જયારે વાદી વર્ષ–૧૯૯૫ ના તથા વર્ષ–૨૦૦૬ના વેચાણ દસ્તાવેજને વર્ષ–૨૦૧૯માં પડકારતા હોય અને પ્રતિવાદી નં. ૪ થી ૭ના બોનાફાઈડ પર્ચેસરની બચાવ સાથે આવેલ હોય ત્યારે પુરાવો લીધા બાદ જ તકરારી બાબત નિર્ણિત થઈ શકે તેમ હોય તે સંજોગોમાં વાદીનો હાલમાં પ્રાઈમાફેસી કેસ જણાતોનથી તથા પ્રતિવાદી નં. ૪ થી ૭ વર્ષ ૨૦૦૬થી ટાઈટલ ધરાવતા હોય ત્યારે હાલના તબકકે મનાઈ હુકમ ફરમાવવાથી વાદી કરતા પ્રતિવાદીને વધુ હાર્ડશીપનો સામનો કરવો પડે તેમ હોય અને તેનાથી થનાર નુકશાન નાણાથી પણ ભરપાઈ થઈ શકે તેમ ન હોય તેમ હોય જયારે વાદી આટલા લાંબા સમય ટાઈટલ વિના રહેલ હોય, મનાઈ હુકમ ન ફરમાવવાથી વાદીના સ્ટેટસમાં કોઈ ફરક પડે તેમ ન હોય, તથા વિલંબના કારણસર વાદી ઈકવીટીની દાદ મેળવવા હકકદાર રહેતા ન હોય, તમામ હકિકતે તથા તમામ સંજોગોમાં **મુદદા નંબર : ૧ થી ૩ નો જવાબ** નકારમા ઠરાવી **મુદદા નંબર : ૪** સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***–:: આ ખ રી હુ ક મ ::–***

(૧) *આથી* વાદીની હાલની **આંક–૫ની** કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ ***તારીખ ૨૯મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૨ના*** રોજ ખુલ્લી જાહેર કર્યો.

તારીખ : ૨૯/૦૯/૨૦૨૨ **(ભાવિનકુમાર નવિનચંદ્ર જોષી)**

**કડી** એડી. સીવીલ જજ, કડી(જીજે૦૧૨૬૧)